# ગ્રંથાલય સેવાઓ અને દૂરવર્તી શિક્ષણ

**વિવેક ન. ભટ્ટ**
ગ્રંથપાલ,
શ્રીમતી એલ. એલ. કાકડિયા બી.એડ્ કોલેજ,
ભાવનગર

Received Aug. 20, 2015 Accepted Sept. 08, 2015

**ABSTRACT** દૂરવર્તી અધ્યેતાઓ (Distance Learners) માટે ગુણવત્તાયુક્ત ગ્રંથાલય સેવાઓ એ આજના સમયમાં ગ્રંથાલયીઓ માટે રોમાંચક અને પડકારરૂપ છતાં વિકાસાત્મક બાબત છે. દૂરવર્તી શિક્ષણે વિશિષ્ટ ગ્રંથાલય અને માહિતી સેવાઓના વિકાસને વેગ આપ્યો છે. તેથી આ સેવાઓને દૂરવર્તી ગ્રંથાલયીત્વ તરીકે પણ ઓળખવામાં આવે છે. દૂરવર્તી ગ્રંથાલયીત્વના જન્મના મૂળમાં દૂરવર્તી શિક્ષણમાં બહુ મોટા પાયે થયેલા વિસ્તરણ કે જેના દ્વારા વ્યક્તિના અને રાષ્ટ્રના શૈક્ષણિક હેતુઓ સિદ્ધ થઈ શકે. દૂરવર્તી શિક્ષણે માત્ર શિક્ષણના વિવિધ ક્ષેત્રો પર જ અસર પહોંચાડી છે તેવું નથી, પરંતુ તેણે મૂળ તો દૂરવર્તી અધ્યયન અને દૂરવર્તી શિક્ષણ સંબંધી સેવાઓ અને વ્યાવસાયોને અસર પહોંચાડી છે.

***Key words:*** **ગ્રંથાલય સેવાઓ.**

દૂરવર્તી અધ્યેતાઓ (Distance Learners) માટે ગુણવત્તાયુક્ત ગ્રંથાલય સેવાઓ એ આજના સમયમાં ગ્રંથાલયીઓ માટે રોમાંચક અને પડકારરૂપ છતાં વિકાસાત્મક બાબત છે. દૂરવર્તી શિક્ષણે વિશિષ્ટ ગ્રંથાલય અને માહિતી સેવાઓના વિકાસને વેગ આપ્યો છે. તેથી આ સેવાઓને દૂરવર્તી ગ્રંથાલયીત્વ તરીકે પણ ઓળખવામાં આવે છે. દૂરવર્તી ગ્રંથાલયીત્વના જન્મના મૂળમાં દૂરવર્તી શિક્ષણમાં બહુ મોટા પાયે થયેલા વિસ્તરણ કે જેના દ્વારા વ્યક્તિના અને રાષ્ટ્રના શૈક્ષણિક હેતુઓ સિદ્ધ થઈ શકે. દૂરવર્તી શિક્ષણે માત્ર શિક્ષણના વિવિધ ક્ષેત્રો પર જ અસર પહોંચાડી છે તેવું નથી, પરંતુ તેણે મૂળ તો દૂરવર્તી અધ્યયન અને દૂરવર્તી શિક્ષણ સંબંધી સેવાઓ અને વ્યાવસાયોને અસર પહોંચાડી છે.

દૂરવર્તી શિક્ષણની સાર્થકતાની અસર હોવાર્ડ (૧૯૯૫) વ્યાખ્યા આપતા જણાવ્યું છે કે, 'દૂરવર્તી શિક્ષણ અને પરંપરાગત શિક્ષણ વચ્ચે સામાન્ય બાબતો શું છે તેને પુનઃવ્યાખ્યાયિત કરે છે'. ગ્રંથાલયીત્વનો વ્યવસાય એ છે કે જે દૂરવર્તી શિક્ષણ સાથે ગાઢ રીતે સંકળાયેલ છે. જેથી તેને પણ પરિવર્તનનો અનુભવ થવા લાગ્યો છે. દૂરવર્તી શિક્ષણ એ તેને આધારિત સેવાઓ ઉપર એવી અસર કરે છે કે જેને વિકાસ પામતો ઉદ્યોગ કહછ શકાય (કુલન, ૧૯૭૪). દૂરવર્તી અધ્યેતાઓને ગ્રંથાલય અને માહિતી સેવાઓ આપવાના જુદા જુદા–જુદા અભિગમોને કારણે ગ્રંથાલયીત્વની ઘણીબધી બાબતોમાં પરિવર્તન આવ્યું છે. અને તેના વિકાસને વેગ પણ મળ્યો છે. આ અસર માત્ર દૂરવર્તી અધ્યેતાઓને ગ્રંથાલય અને માહિતી સેવાઓ આપવામાં જ નથી થઈ, પરંતુ અન્યોને ગ્રંથાલય સેવાઓ આપવા પર પણ થઈ છે. આથી જ આ અસરને કારણે ગ્રંથાલયીત્વના ક્ષેત્રમાં એક નવા જ વ્યાવસાયિક દષ્ટિકોણનો જન્મ થયો છે.

બંને પ્રકારની ગ્રંથાલય સેવાઓ વચ્ચે શું સામ્યતા છે તેના મૂળ પરંપરાગત શિક્ષણ અને દૂરવર્તી શિક્ષણ વચ્ચે ઊભા થયેલા મહ૪વના ફેરફારમાં છે.

### ગ્રંથાલયીત્વ તરફ દોરી જતી દૂરવર્તી શિક્ષણની બાબતો

દૂરવર્તી શિક્ષણ એટલે એવું ભણતર કે જેમાં અધ્યેતા (વિદ્યાર્થી) તેના અભ્યાસકાળ દરમિયાન મોટાભાગે તેના શિક્ષકો અને શિક્ષણ આપતી સંસ્થાઓ સાથે (ભૌતિક રીતે) જોડાયેલો ન હોય. દૂરવર્તી શિક્ષણની વિદ્યાર્થી અને શિક્ષકો તથા શિક્ષણ આપતી સંસ્થાઓનું એકબીજાના સંપર્કમાં ન રહેવું એ મુખ્ય લાક્ષણિકતા તેને શિક્ષણના અન્ય સ્વરૂપોથી જુદું પાડે છે. દૂરવર્તી શિક્ષણના સાહિત્યમાં આ જુદારાને 'tyranny of distance' (દૂરવર્તીનો જુલમ) નામ આપવામાં આવ્યું છે. આ પરિબળને કારણે દૂરવર્તી શિક્ષણ ગ્રંથાલયોની ભૂમિકા બદલાઈ છે અને તે એક વિશિષ્ટ દૂરવર્તી ગ્રંથાલય તરફ દોરી જાય છે.

પરંપરાગત ગ્રંથાલયોમાં વિદ્યાર્થીઓ પોતાની માહિતીની જરૂરિયાત માટે ગ્રંથાલયમાં જાય છે અને ગ્રંથાલય અને માહિતી સેવાઓ મેળવે છે. જ્યારે દૂરવર્તી શિક્ષણમાં અધ્યેતાઓને અલગ અલગ જાતની (ખીચડી) ગ્રંથાલય સેવાઓ મળે છે. આમ, દૂરવર્તીનો જુલમ માત્ર શિક્ષણ પૂરતો જ મર્યાદિત નથી, પરંતુ ગ્રંથાલય સેવાઓને પણ તે લાગુ પડે છે.

ગ્રંથપાલ, દૂરવર્તી અધ્યાપકો અને વહીવટદારોએ આ ખામીઓ દૂર કરવા નવો વ્યૂહ અપનાવવો પડશે અને દૂરવર્તી અધ્યેતાઓ માટે ગુણવત્તાયુક્ત માહિતી સેવાઓ ઉપલબ્ધ છે તે દેખાડી દેવું પડશે. આ નવો વ્યૂહ કે દષ્ટિકોણ ગ્રંથાલય અને માહિતી સેવાઓમાં દરેક જગ્યાએ અપનાવવો પડશે. આમ, દૂરવર્તી ગ્રંથાલયીત્વમાં ગ્રંથાલય અને માહિતી સેવાઓમાં વિવિધ ગુણવત્તાલક્ષી ફેરફારો દ્વારા પરિવર્તન લાવવું પડશે.

### ગ્રંથાલય સેવાઓ દૂરવર્તી સિદ્ધાંત

દૂરવર્તી અધ્યયન અને અધ્યાપનમાં ગુણવત્તાયુક્ત ગ્રંથાલય અને માહિતી સેવાઓ પૂરી પાડવા માટે કોઈપણ સંસ્થા કે

જે દૂરવર્તી શિક્ષણ આપતી હોય તેની પ્રાથમિક જવાબદારી એ છે કે તેણે તેના દૂરવર્તી અધ્યેતાઓની ગ્રંથાલય સેવાઓને ઓળખી શકે તેવો સિદ્ધાંત અને કાર્યપ્રણાલી અપનાવવા જોઈએ. આ સિદ્ધાંતને કારણે દૂરવર્તી અધ્યેતાઓ માટે ગુણવત્તાયુક્ત ગ્રંથાલય સેવાઓનો વિકાસ શકય બને છે. આ જવાબદારી વિધિવત રીતે સ્વીકારવાથી તેની અસર દૂરવર્તી શિક્ષણ સાથે સંકળાયેલા વહીવટકર્તાઓ, ગ્રંથપાલો અને શિક્ષકોને થાય છે. આ સગવડભર્યા સંસ્થાકીય સિદ્ધાંતને કારણે દૂરવર્તી અધ્યેતાઓને સારી ગ્રંથાલય સેવાઓ મળવાનો વિશ્વાસ બેસી જાય છે. આને કારણે સંસ્થા દ્વારા થતા દરેક પ્રયત્નોને કારણે દૂરવર્તી અધ્યેતાઓ ગ્રંથાલય સેવાઓનો પૂરેપૂરો ઉપયોગ કરી શકે. માહિતી ટેક્નોલોજિના ભરપૂર ઉપયોગને કારણે ગ્રંથાલયની દૂરવર્તી સેવાઓમાં ખૂબ જ સરળતા રહે છે.

### શિક્ષકો, ગ્રંથપાલો અને અન્ય શિક્ષણ સહાયકો વચ્ચેના સંબંધો

દૂરવર્તી શિક્ષણમાં તેની સાથે સંકળાયેલા હોય તેઓ વચ્ચે સહસંબંધ હોય જ છે. ગ્રંથાલયો માટે ખાસ તેની સાથે બહારથી સંકાળાયેલા હોય તેની સાથે સંબંધ વિકસાવવો જોઈએ. કારણ કે તે ન કરવાથી દૂરવર્તી અધ્યેતાઓને ગુણવત્તાયુક્ત ગ્રંથાલય સેવાઓ ન પૂરી પાડી શકાય. આ નવા સંબંધથી દૂરવર્તી અધ્યેતાઓને અપાતી ગ્રંથાલય અને માહિતી સેવાઓના વિતરણ પર અસર પડશે. ગ્રંથપાલોએ દૂરવર્તી શિક્ષણના વહીવટકર્તાઓ સાથે જોડાઈને કાર્ય કરવું પડશે. જેથી કરી દૂરવર્તી અધ્યેતાઓ માટે ગ્રંથાલય અને માહિતી સેવાઓ અંગેની નીતિની સમીક્ષા થતી રહે. કેથ (૧૯૯૬) એ આવા સંબંધો માટે ભલામણ કરી છે. અને મેક્ફર્સન (૧૯૭૭) દ્વારા આ સંબંધો અને ભાગીદારી અંગે દસ્તાવેજો પૂરા પાડવામાં આવ્યા.

આ ભાગીદારીનું બીજુ સ્વરૂપ એ બીજા સદ્ધર ગ્રંથાલયો સાથે સમજૂતી કરાર (MOU) કરીને પોતાના વિદ્યાર્થીઓને ગ્રંથાલય અને માહિતી સેવાઓ આપવી તે છે. આ ગ્રંથાલયોને સેવા આપનાર (Service Provider) ગ્રંથાલયો તરીકે ઓળખવામાં આવે છે. આ સેવા આપતા ગ્રંથાલયો એવી જગ્યાએ હોય છે કે જ્યાં દૂરદર્તી અધ્યેતાઓને ઉપયોગમાં સરળતા રહે (અમેરિકાના ફલોરિડા રાજ્યની નોવા સાઉથ ઈસ્ટર્ન યુનિવર્સિટી કે જે દૂરવર્તી શિક્ષણમાં અગ્રસ્થાને છે તેના દ્વારા બ્રિટીશ કાઉન્સિલ સાથે તેના વિદ્યાર્થીઓને ગ્રંથાલય સેવાઓ પૂરી પાડવા માટે સમજૂતી કરાર કરવામાં આવ્યો છે). ગ્રંથાલય અને માહિતી સેવાઓ આપવા માટે સેવાના કરાર (Service Contract)નો પણ એક નવો અભિગમ છે.

ગ્રંથાલયોએ દૂરવર્તી શિક્ષણ અને તેને સહાયક સેવાઓ આપનારા સાથે પણ સંબંધ વિકસાવવો જોઈએ. આમાં ખાસ કરીને માહિતી ટેક્નોલોજિ સેવા આપનારા કે જેના દ્વારા ગ્રંથાલય અને માહિતી સેવાઓનું વિતરણ કરાતુ હોય. સામગ્રી નિર્માણ સેવા આપનારા કે જે ગ્રંથાલય સંબંધી સામગ્રીનું નિર્માણ કરી આપે. અને શૈક્ષણિક સભ્યો કે જે દૂરવર્તી શિક્ષણના કાર્યક્રમો ઘડી આપે અને તેના વિકાસમાં સહભાગી બને.

ગ્રંથપાલોના તમામ જગ્યા ભળવાના કારણે તેના કાર્યોમાં ઘણું જ પરિવર્તન આવશે. અને એક નવો દષ્ટિકોણ અસ્તિત્વમાં આવશે. આ દષ્ટિકોણને કારણે ગ્રંથપાલોની શૈક્ષણિક ભૂમિકા સદ્ધર બનશે.

### દૂરવર્તી શિક્ષણમાં ગ્રંથપાલોની શૈક્ષણિક ભૂમિકા

ગ્રંથાલય અને માહિતી સેવાઓ અધ્યયન અને અધ્યાપનમાં કાયમી ધોરણે મહત્વની રહી છે. ગ્રંથપાલોએ ઉપયોગકર્તાને માહિતી પ્રાપ્તિ, સંગ્રહ અને ઉપયોગ અંગે જાણકારી આપવાની સેવાઓ આપવી પડે છે.

દૂરવર્તી અધ્યેતાઓની જરૂરિયાતોએ ગ્રંથપાલોની ભૂમિકામાં ઘણી બધી બાબતોમાં પરિવર્તન આણ્યું છે. સ્નાઈડર, લોગ અને પ્રીસે (૧૯૯૭) ગ્રંથપાલોની શૈક્ષણિક ભૂમિકા વિશેનો નવો દષ્ટિકોણ રજૂ કર્યો. તેઓ તેના અહેવાલમાં જણાવે છે કે, મોટાભાગના ગ્રંથાલયો અભિપ્રાય આપતા જણાવતા હતા કે તેઓ અભ્યાસક્રમ સંરચના, બહુમાધ્યમ વિકાસ અને શૈક્ષણિક મૂલ્યાંકન જેવી બાબતોમાં દૂરવર્તી શિક્ષણના વિકાસ માટે સહાયતા કરે છે. આ બાબત ગ્રંથપાલની ભૂમિકામાં ચોખ્ખું પરિવર્તન દર્શાવે છે. તેઓએ તે પણ શોધ્યું કે ગ્રંથપાલ એ દૂરવર્તી શિક્ષણના શૈક્ષણિક જૂથનો એમ સભ્ય જ છે. આમ, ગ્રંથપાલ દ્વારપાળમાંથી માહિતીવિદ્દ અને તેમાંથી દૂરવર્તી શિક્ષણમાં માહિતી ઉપજ પ્રક્રિયામાં સહાયકર્તા છે. આમ, આજે દૂરવર્તી શિક્ષણમાં તેની ભૂમિકા બદલાઈ છે.

દૂરવર્તી શિક્ષણમાં સહભાગીતાને કારણે ગ્રંથપાલોની ભૂમિકા સેવા આપનારમાંથી દૂરવર્તી શિક્ષણ વિકાસ સભ્યોના જૂથનો સભ્ય બની જશે. અને તેણે તેના સહભાગી બની સંકલનનું કાર્ય પણ કરવું પડશે. તેમ છતા દૂરવર્તી શિક્ષણના અભ્યાસક્રમે અને કાર્યક્રમોના વિકસતા અભિગમો સાથે નાતો તો જોડવો જ રહ્યો.

### દૂરવર્તી ગ્રંથાલય સેવાઓ માટે ટેક્નોલોજિનો ઉપયોગ

માહિતી અને ટેક્નોલોજિનું જોડાણ દૂરવર્તી ગ્રંથાલય સેવાઓના વિતરણમાં સહાય પૂરી પાડે છે. માહિતી ટેક્નોલોજિએ દૂરવર્તી ગ્રંથાલય સેવાઓમાં આવતી અડચણોને દૂર કરી છે અને માર્ગ મોકળો બન્યો છે. દૂરવર્તી અધ્યેતાઓને ગ્રંથાલય સેવાઓ પૂરી પાડવા માટે મોટાભાગના ગ્રંથાલયોએ મોટાભાગની સેવા ઓનલાઈન બનાવી દીધી છે. માહિતી ડિજિટાઈઝેશનના કારણે દૂરવર્તી અધ્યેતાઓને તેના ઘરે બેઠા માહિતી મળે છે.

દૂરવર્તી અધ્યેતાઓ સાથે પત્રવ્યવહાર તથા માહિતીના આદાન–પ્રદાન માટે મોટાભાગના ગ્રંથાલયોએ વિજાણુ પ્રત્યાયનની પ્રક્રિયા શરૂ કરી દીધી છે. અને ઈ–મેઈલ દ્વારા માહિતીની આપ–લે થાય છે.

આજે જ્યારે ટેક્નોલોજિએ ગ્રંથાલય સેવાઓ અને દૂરવર્તી અધ્યેતાઓ વચ્ચેનું અંતર ઘટાડી દીધુ છે ત્યારે દૂરવર્તી ગ્રંથપાલોએ એ યાદ રાખવું પડશે કે તમામ દેશોના તમામ દૂરવર્તી અધ્યેતાઓ બહુ જ સરળતાથી એ ટેક્નોલોજિનો ઉપયોગ કરી શકશે નહીં. ટેક્નોલોજિએ આજે જ્યારે વિશ્વને સંકિર્ણ બનાવી દીધું છે ત્યારે ટેક્નોલોજિ વિશ્વને બે વિભાગમાં જુદા પાડનારી પણ સાબિત

થઈ છે એક 'હોવું' (haves) અને 'ન હોવું' (have nots). જેથી કરીને ગ્રંથપાલોએ દૂરવર્તી અધ્યેતાઓને ગ્રંથાલય સેવાઓ પ્રદાન કરવાની ખાતરી આપવી પડશે. વિકાસશીલ દેશોમાં દૂરવર્તી શિક્ષણમાં ટેક્નોલોજિનો હજુ જોઈએ તેટલો ઉપયોગ કરવામાં આવતો નથી.

**સેવા વિતરણ**

દૂરવર્તી અધ્યેતાઓને ગ્રંથાલય અને માહિતી સેવાઓનું વિતરણ એ ગ્રંથપાલો માટે એક મોટો પડકાર છે અને તેણે તે ઝિલવાનો જ રહ્યો. દૂરવર્તી ગ્રંથપાલોએ જાણવું પડશે કે તેઓએ આ પરિવર્તનના યુગમાં દ્વારપાળ કે માહિતી રક્ષક મટીને ધારદાર રીતે માહિતી સેવાઓનું વિતરણ કરવું પડશે. દૂરવર્તી શિક્ષણ અને દૂરવર્તી ગ્રંથાલયીત્વના દૂરવર્તી અધ્યેતાને કેન્દ્રમાં રાખવાનો આગ્રહ રાખે છે. પરંપરાગત ગ્રંથાલય કાર્યપ્રણાલીમાં સુધારો કરીને વિતરણમાં નાવીન્યસભર વ્યૂહરચનાઓ અપનાવવી પડશે. આ વ્યૂહરચનાનો ઉપયોગ દૂરવર્તી અધ્યેતાઓ માટે પ્રલેખ વિતરણ, સાહિત્યસૂચિગત સૂચના, માહિતી સાક્ષરતાનું શિક્ષણ, સંદર્ભ સેવાઓ, આંતર ગ્રંથાલય ઉદ્ધરણ અને ઈ–સ્રોતોના ઉપયોગની સેવાઓમાં કરવો જોઈએ.

પરંપરાગત ગ્રંથાલયોમાં ઉપયોગકર્તાને માહિતી મેળવવા માટે કોઈ ચોક્કસ જગ્યાએ જવું પડે છે. જ્યારે દૂરવર્તી સેવાઓમાં માહિતીને અધ્યેતાઓ સુધી પહોંચાડવામાં આવે છે. માહિતી સ્રોતો અને માહિતી ઉપયોગકર્તાઓ વચ્ચેનું અંતર ઘટાડવા માટે વિવિધ વિતરણ પદ્ધતિઓનો ઉપયોગ કરવો પડશે. ટેક્નોલોજિનો ઉપયોગ આ માટે ફરજિયાત બનશે.

**નવી વ્યાવસાયિક જગ્યાઓ**

દૂરવર્તી અધ્યેતાઓની ગ્રંથાલય અને માહિતી સેવાઓ માટેની જરૂરિયાત માહિતી વ્યાવસાયિકો અને ગ્રંથપાલો માટે વ્યવસાયની નવી તકો ઊભી કરે છે. આ માટે વિવિધ જગ્યાઓ જેવી કે, શૈક્ષણિક સહાયતા સેવા ગ્રંથપાલ, સતત શિક્ષણ ગ્રંથપાલ, વેબ માહિતી પ્રાપ્તિ (access) સેવા ગ્રંથપાલ, પ્રલેખ પ્રદાન ગ્રંથપાલ, વિતરણ સેવા ગ્રંથપાલ, દૂરવર્તી શિક્ષણ ગ્રંથપાલ અને મતકેત્તર (off campus) ગ્રંથપાલ વગેરેની તકો ઊભી થશે. આ બધી જગ્યાઓની રચનાની સાથે દૂરવર્તી શિક્ષણ આપતી સંસ્થાઓમાં આ જગ્યાઓને કારણે આપમેળે એક નવી જ તાત્ત્વિક આધારશીલા ''ઉપયોગકર્તા કેન્દ્રી અભિગમ'' અસ્તિત્વમાં આવશે. આ બધી જગ્યાઓ દૂરવર્તી સેવાઓ પૂરી પાડનારા માટે જરૂરી નવા કૌશલ્યોનું નિર્માણ કરશે. આ જુદા જુદા કૌશલ્યો ગ્રંથાલય વિજ્ઞાનના અભ્યાસક્રમમાં ફેરફાર સૂચવે છે. તેમજ તેઓએ આ નવા કૌશલ્યોના વિકાસ માટે નિરંતર તાલીમ કાર્યક્રમોનું વ્યવસ્થિત આયોજન કરવું પડશે.

આ કૌશલ્યો અને નવા હોદ્દાઓ કે જે દૂરવર્તી શિક્ષણ સાથે જોડાયેલા છે તે ગ્રંથાલયીત્વ અને નવા વ્યાવસાયિક વિકાસના દષ્ટિકોણને રજૂ કરે છે.

**ઉપસંહાર**

દૂરવર્તી અધ્યેતાઓને વિતરિત કરાતી ગ્રંથાલય અને માહિતી સેવાઓ ગ્રંથાલયીત્વના વ્યવસાયના અવા દષ્ટિકોણને ઉજાગર કરે છે. આ નવા દષ્ટિકોણને કારણે દૂરવર્તી શિક્ષણ આપતી સંસ્થાઓએ દૂરવર્તી અધ્યેતાઓ માટેની ગ્રંથાલય અને માહિતી સેવાઓ, શિક્ષકો, ગ્રંથપાલો અને દૂરવર્તી શિક્ષણ સાથે સંકળાયેલાઓ વચ્ચે નવા સંબંધોની રચના, ગ્રંથપાલની શિક્ષણ તરીકેની બદલાતી ભૂમિકા, ગ્રંથપાલો દ્વારા ટેક્નોલોજિનો ભરપૂર ઉપયોગ, સેવા વિતરણ અને નવી જગ્યાઓમાં સહાયરૂપ થાય તેવા અભિગમ સાથે કાર્ય કરવું પડશે. અને પરંપરાગત તેમજ દૂરવર્તી ગ્રંથાલયીત્વ માટે નવા નવા દષ્ટિકોણ વખતો વખત વિચારવા પડશે. આમ, દૂરવર્તી અધ્યેતાઓને ગ્રંથાલય અને માહિતી સેવાઓ આપવા માટે ગ્રંથાલયીત્વના વ્યવસાયે નવા અભિગમો અપનાવવા પડશે.

**સંદર્ભસૂચિ**

1. Adams. C. 'The future of library services for distance education'. *Journal of Library Services for Distance Education*. http://www/westg.edu/libraryjlsde/voll/1/CAdams.html
2. Association of College and Research Libraries. *ACRL guidelines for distance learning library services.* Final version, approved July 1998. http://www.ala.org/acrl/guides/distlrgn.html
3. Creth, S. (1966) 'The electronic library: slouching toward the future or creating the new information environment'. *Follett Lecture Series.* http://www.ukon.ac.uk/follett.creth/paper.html
4. Cullen, S. (1994) 'Changes and challenges in information skills for off-campus and open learning students'. Access through Open Learning. *Occasional papers in Open Learning*, 4, Sept., 195-198.
5. Howard, S. (1995) 'Libraries in distance education'. *Canadian Journal of Continuing Education*, XI (1) 45-57.
6. McPherson, M. (1977) '*Practising the paradigm shift: read world experience of on-line support*'. http://netways.shef.ac.uk/rbase/papers/mcphersn.htm
7. Snyder, C., S. Logue and B. G. Preece (1997) '*Expanding the role of the library in teaching and learning: distance learning initiatives.*' http://www.ala.org/acrl/paperhtm/d288.html